# ખુશાલપુરામાં અણુ વીજ પ્રોજેક્ટ સામે વિરોધ

**આવેદનપત્ર** આપવા મોટી સંખ્યામાં સ્થાનિકો ઊમટી પડ્યા

**કલેક્ટરે** NTPC પ્રોજેક્ટને લઈ અજાણ હોવાનું હોવાનું જણાવતાં લોકો રોષે ભરાયા



વ્યારાઃ વ્યારા તાલુકામાં સંભવિત NTPC અણુ વીજ પ્રોજેક્ટને લઈને ખુશાલપુરા સહિત આસપાસના અસરગ્રસ્ત થનાર ગામના લોકોએ વ્યારા જિલ્લા સેવા સદન કચેરીએ પહોંચી જિલ્લા કલેકટર દેવ ચૌધરીને આવેદનપત્ર આપ્યું હતું અને NTPC પ્રોજેક્ટનો જોરદાર વિરોધ કર્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોથી તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ખુશાલપુરા ગામે NTPC અણુ વીજ પ્રોજેક્ટ આવવાનો હોવાની વિગતો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહી છે. જેને કારણે ખુશાલપુરા સહિત આસપાસના લોટરવા, કલમકુઈ, કહેર, ભાનાવાડી સહિતના ગામોમાં લોકોને વિસ્થાપિત થવા સહિત પોતાની બહુમુલ્ય ઘર-મકાન અને જમીન ગુમાવવાનો ભય સતાવી રહ્યો છે. ત્યારે ગતરોજ ખુશાલપુરા ગ્રામપંચાયત દ્વારા તાપી કલેક્ટરને આવેદનપત્ર આપી સંભવિત NTPC અણુ વીજ પ્રોજેક્ટને લઈને જરૂરી વિગતો માંગવામાં આવી હતી. દરમિયાન મોટી સંખ્યામાં ખુશાલપુરા ગામ સહિત આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા.

ત્યારે કલેક્ટર દેવ ચૌધરીએ NTPC પ્રોજેક્ટ અંગે માહિતગાર ન હોવાનું ગામના આગેવાનોને જણાવતાં ગ્રામજનો ઉશ્કેરાયા હતા. થોડા સમય સુધી કલેક્ટર કચેરી સામે લોકોએ દેખાવો કરી અડિંગો જમાવી દીધો હતો. અને કલેક્ટર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કરાયા હતા તેમજ આગામી દિવસોમાં આ બાબતે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ખુશાલપુરા ગ્રામ પંચાયત દ્વારા NTPC પ્રોજેક્ટની મંજૂરી અને કામગીરી સહિતની જરૂરી માહિતી માટે કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવતાં કલેક્ટરે આગામી 15 દિવસમાં આ અંગે જરૂરી તપાસ કરી માહિતી આપવાનું ગામના આગેવાનોને જણાવ્યું હતું. ત્યારે 15 દિવસ દરમિયાન તંત્ર દ્વારા ગ્રામજનોને આ સંભવિત NTPC અણુ વીજ પ્રોજેક્ટને લઈને માહિતગાર કરવામાં આવશે કે પછી સ્થાનિકોને અંધારામાં રાખીને પ્રોજેક્ટ લાવવામાં આવશે તેને લઈને લોકોમાં ભારે ચર્ચા જાગી છે. મીડિયાના પ્રતિનિધિઓ દ્વારા NTPC પ્રોજેક્ટ અંગે તાપી કલેક્ટરને પૂછતાં કલેક્ટર દેવ ચૌધરીએ મીડિયા સમક્ષ કઈ પણ કહેવાનું ટાળ્યું હતું.

# સંક્ષિપ્ત સમાચાર

## પાટી ગામમાં દીપડો પાંજરે પુરાયો



વ્યારાઃ ડોલવણના પાટી ગામે ગાંધી ઓવારા ફળિયામાં શિકાર કરવાની લાલચમાં આવી અંદાજિત 4 વર્ષનો ખુંખાર દીપડો પાંજરે પુરાતાં ગ્રામજનો ભયમુક્ત થયા હતા. આ વિસ્તારમાં દીપડાની સતત અવરજવરને પગલે સ્થાનિક દ્વારા ફરિયાદ થતાં વન વિભાગે મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું, જેમાં ગતરાત્રે 4 વર્ષનો દીપડો પાંજરે પુરાતા જ તેને જોવા માટે ગ્રામજનો મોટી સંખ્યામાં લોકો ઊમટ્યા હતા અને ભયના માહોલ વચ્ચે રાહતનો શ્વાસ લીધો હતો. વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી દીપડાને સુરક્ષિત રીતે ગાઢ જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરી હતી.

## દેલાસા ગામે વેરાઈ માતા મંદિરની સાલગીરી ધામધૂમથી ઉજવાઈ



જયેશ પટેલ

સાયણઃ ઓલપાડના દેલાસા ગામે કોળીવાડમાં નવરાત્રિના આસો સુદ બીજના પવિત્ર દિવસથી સતત બે દિવસ વેરાઈ માતા મંદિરની સાલગીરી ખૂબ જ ભક્તિભાવથી ઉજવાઈ હતી. આ પ્રસંગે ગ્રામજનો સાથે સુરત શહેર, ઓલપાડ તથા અન્ય સ્થળોએ વસતા ગામના વતનીઓ એવા માતાજીના શ્રદ્ધાળુઓ આમંત્રણ વિના મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. સાલગીરી પ્રસંગના પ્રથમ દિવસે ગામની બાલિકાઓની કળશયાત્રામાં જોડાયેલા યુવા પેઢીના ભક્તોએ વેરાઈ માતાજીનો વરઘોડો આખા ગામમાં ફેરવ્યો હતો. બીજા દિવસે નવચંડી યજ્ઞ યોજાયો હતો. બંને દિવસે મહાપ્રસાદી, તો રાત્રે ભજન-કિર્તન, રાસનું આયોજન કરાયું હતું.

## પીનપુરમાં બાઇક અડફેટે વૃદ્ધ ઘાયલ

વાંકલઃ ઉમરપાડાના પીનપુર ગામના ગોચર ફળિયામાં રહેતા અને મજૂરીકામ કરતા સુરેશભાઈ વસાવાના પિતા જયંતીલાલ ગત તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ બપોરે ઉમરપાડા બજારમાંથી કામ પતાવી પોતાની સાઇકલ પર પરત ઘરે આવી રહ્યા હતા. દરમિયાન ચીરપણ ફળિયાના રસ્તા પાસે અજાણ્યા કેટીએમ ડ્યુક મોટરસાઇકલ નં.( GJ-19-BL-5488 )ના ચાલકે સાઇકલને અડફેટે લેતાં જયંતીલાલને પ્રાથમિક સારવાર અર્થે ઉમરપાડા સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ માંડવી એસ.જી. હોસ્પિટલ લઈ જવાયા હતા. ત્યાંથી વધુ તબિયત લથડતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેઓ અર્ધ-બેભાન હાલતમાં સારવાર હેઠળ છે.

## નવાગામના રિક્ષા ચાલકના ખાતામાંથી રૂ.2.09 લાખ ઉપડી ગયા

કામરેજઃ કામરેજના નવાગામ મંદિર ફળિયામાં નિતેશ અરવિંદભાઈ પટેલ પરિવાર સાથે રહીને ઓટો રિક્ષા ચલાવે છે. એક અઠવાડિયા અગાઉ બપોરના આશરે 1.00 કલાકે મોબાઈલ પર ઓટીપી આવવા લાગ્યા હતા. બાદમાં બેંકના ખાતામાંથી રૂપિયા 29980 યુપીઆઈ દ્વારા ડેબિટ થઈ જતાં મોબાઈલ બંધ કરીને વાવ ખાતે આવેલી બેંકમાં જઈને મેનેજરને વાત કરતાં મોબાઈલ ફોન ચાલુ કરતાં જ બીજા અલગ અલગ મેસેજથી રૂપિયા કપાઈ ગયા હોવાનો મેસેજ આવતાં બેંકના મેનેજરે નિતેશનું ખાતું ફ્રિઝ કરી દીધું હતું. બેંક સ્ટેટમેન્ટ કાઢીને જોતાં રૂપિયા 2,09,979 ટ્રાન્ઝેક્શનથી ખાતામાંથી જતા રહ્યા હતા. જે અંગે ઓનલાઈન સાઈબર ફ્રોડની ફરિયાદ નોંધાવી હતી.

## તાતીથૈયાની મિલમાં દાઝી ગયેલા કર્મચારીનું મોત

પલસાણાઃ હરિયાણાના વતની અને હાલ બગુમરા ખાતે રહેતા ૬૧ વર્ષીય ધુપસિંહ કુરડારામ ખલેરી સિદ્ધિ વિનાયક મિલના બોઈલર વિભાગમાં ફરજ બજાવતા હતા. ગત ૪ ઓક્ટોબરે બોઈલર ચેકિંગ દરમિયાન અચાનક ગરમ હવા લીકેજ થતાં તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક ચલથાણની સંજીવની હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સુરતની ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ૯ દિવસની સારવાર બાદ તેમણે દમ તોડ્યો હતો. આ અંગે કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મહુવેજની નહેરમાં ડૂબી ગયેલા ડ્રાઇવરની લાશ હાંસોટ નજીકથી મળી

હથોડાઃ હથોડા નજીક મહુવેજ ગામ પાસે આવેલી ઉકાઈ જમણા કાંઠાની નહેરમાં બે દિવસ પહેલાં ડૂબી ગયેલા ૪૪ વર્ષીય ડ્રાઈવર રજનીશભાઈ વાઘાભાઈ ચોટવડીયાની લાશ ઘટના સ્થળેથી ૮ કિલોમીટર દૂર હાંસોટ તાલુકાની હદમાંથી મળી આવી છે. પી.પી.સવાણી યુનિવર્સિટીના ડ્રાઈવર કલ્પેશભાઈ ધાળીયા સાથે રજનીશભાઈ ગાડીનું પંચર કરાવવા મહુવેજ નહેર પાસે આવ્યા હતા. તે સમયે નહેરની પાળી પર બેસીને ફોન પર વાત કરતી વખતે અચાનક ઊભા થતાં રજનીશભાઈ પાણીમાં ખાબક્યા હતા. ભારે શોધખોળ બાદ આજે લાશ મળતાં પોલીસે કબજો મેળવી આગળની તપાસ હાથ ધરી છે.

## નરથાણમાં રૂ.૨૭ હજારનો મોબાઈલ ચોરાયો

સાયણઃ ઓલપાડના નરથાણમાં આવેલા એક્સ્ટ્રીમ બંગ્લોઝમાં રહેતા પરિવારના ઘરના ગાર્ડનમાંથી રૂ.૨૭,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ચોરાયો હતો. સુરતમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરતા ભાવિક રાજેશકુમાર ઠક્કર ગત રવિવારે પોતાની પત્ની નૂપુર સાથે ગાર્ડનમાં બેઠા હતા. દરમિયાન ભૂલથી રૂ.૨૭,૦૦૦નો એક મોબાઈલ ખુરશી પર મૂકી તેઓ ઘરમાં ચા પીવા ગયા હતા. ચા પીને પરત ફરતા ખુરશીમાંથી ફોન ગાયબ હતો. સામાજિક કામગીરીમાં વ્યસ્ત હોવાથી ભાવિકભાઈએ મોડેથી ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## પલસાણામાં યુવકનું અકસ્માતમાં મોત

પલસાણાઃ મૂળ બિહાર અને હાલ પલસાણાની અનુભા કંપનીમાં કામ કરતા રમધીરસિંહ નરેન્દ્રસિંહ યાદવ (ઉં.વ.૩૨) ગત તા.૧૨/૧૦/૨૦૨૬ના રોજ વિકાસ મિલ સામે હાઈવે પરથી પગપાળા રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. દરમિયાન એક મહિન્દ્રા પિકઅપ નં.( MH-15-JC-0042 )ના ચાલકે પૂરઝડપે વાહન હંકારી રમધીરસિંહને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રમધીરસિંહનું સ્થળ પર જ મોત થયું હતું.


Milano MULTIPLEX

બારડોલી

Drishyam:The Conclusion

10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 09:30pm

Rajni The Jailer 2

12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333


# કોસંબા-ખરચ રોડ પર રબરના બમ્પ હેવી વાહનો સામે કડડભૂસ

**અકસ્માતના** ભયમાં મુકાયેલા લોકો આજે મામલતદારને આવેદનપત્ર પાઠવશે



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા ફાટકથી હાંસોટને જોડતો મુખ્ય માર્ગ જે કોસંબાની ભાગોળેથી પસાર થાય છે, ત્યાંથી અતિ ભારેખમ લોડિંગ વાહનોની સતત અવરજવરથી સ્થાનિક રહીશોની સલામતી ગંભીર જોખમમાં મુકાઈ છે. કોસંબા ઈદગાહ અને પોલ્ટ્રી ફાર્મ સહિતના મોટા રહેણાક વિસ્તાર નજીકથી પસાર થતાં વાહનોની બેફામ ગતિના કારણે લોકોને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે.

અગાઉ આ માર્ગ પર બમ્પ ન હોવાના કારણે અનેક અકસ્માતો સર્જાયા હતા, જેમાં ૮થી ૧૦ નિર્દોષ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. એ સમયે સ્થાનિકોના ભારે આક્રોશ અને હોબાળા બાદ તંત્રે ઈમરજન્સી ધોરણે રબરના બમ્પ મૂક્યા હતા. પરંતુ માત્ર ત્રણ જ મહિનામાં હેવી અને ઓવરલોડેડ વાહનોના મારથી આ રબરના બમ્પ સંપૂર્ણપણે તૂટીને કડકડભૂસ થઈ ગયા છે.

બમ્પ નામશેષ થઈ જતાં વાહનો ફરીથી તેજ ગતિએ દોડવા લાગ્યાં છે. આ અંગે કોસંબા પંચાયત અને જાગૃત નાગરિકો દ્વારા જવાબદાર તંત્રને લેખિત ફરિયાદો કરવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. અકસ્માતના ભય નીચે જીવતા રહીશો હવે આરપારના મૂડમાં છે અને આજે ગુરુવારે માંગરોળના મામલતદારને આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવશે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર આળસ ખંખેરી કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં અહીં મજબૂત અને કાયમી બમ્પ બનાવે.

# ગેસના બાટલામાં રેગ્યુલેટર ફિટ કરવા જતાં આગ, બે દાઝ્યા

**નનસાડની** ઘટના, આગ ઓલવવા પાણીથી ભીંજવેલી ચાદર ગેસના બાટલા પર નાંખવામાં આવી

**રેગ્યુલેટર** ફિટ કરવા આવેલો પાડોશી મહેન્દ્ર સરવૈયા અને બાળક દાઝી ગયો



વિશાલ પટેલ

કામરેજઃ નનસાડ ગામ નજીક મામા દેવ ચોક પાસે આવેલી મારુતિવિલા સોસાયટીમાં બુધવારે સવારે ગેસના બાટલામાં રેગ્યુલેટર ફિટ કરતાં અચાનક આગી જતાં એક બાળક સહિત બે લોકો દાઝી ગયા હતા.

કામરેજના નનસાડ ગામની હદમાં કેનાલ રોડ પર આવેલી મારુતિવિલા સોસાયટીમાં મકાન નં.33માં મુકેશ ધનજીભાઈ લખાણી પત્ની પારૂલબેન, માતા હમજુબેન તેમજ બાળકો સાથે રહે છે. બુધવારે સવારે મુકેશભાઈ રાબેતા મુજબ પોતાના કામ માટે ઘરેથી નીકળી ગયા હતા. સવારે આશરે 11 કલાકે ઘરમાં ગેસનો બાટલો પૂરો થઈ જતાં પારૂલબેને સામેના મકાન નં.38માં રહેતા મહેન્દ્ર મુકેશ સરવૈયા (ઉં.વ.45)ને ગેસના બાટલામાં રેગ્યુલેટર બદલી આપવા માટે જણાવતાં ગેસના બાટલામાં રેગ્યુલેટર ફિટ કરવા જતાં જ આગ લાગતાં બૂમાબૂમ કરતાં પાડોશીઓ તુરંત જ દોડી આવ્યા હતા. પાણીથી ભીંજવીને ચાદર ગેસના બાટલા પર નાંખી દીધી હતી. પરંતુ ગેસ લીકેજની આગને લઈ મહેન્દ્રભાઈ તેમજ પારૂલબેનનો પુત્ર રૂદ્ર બંને દાઝી ગયાં હતાં. આ ઘટનાની જાણ 112માં કરતાં તુરંત પોલીસ અને ફાયર બ્રિગેડ દોડી આવી ઘરમાંથી ગેસના બાટલાને બહાર કાઢી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી. દાઝેલા મહેન્દ્રભાઈ અને બાળક રૂદ્રને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# ધજ ગામે પોલીસને ચકમો આપી બુટલેગરો ફરાર

વ્યારાઃ વ્યારામાં પોલીસ નાકાબંધી જોઈ દારૂ ભરેલી કાર ખેતરમાં ઉતારી બુટલેગરો ફરાર થઈ ગયા હતા. પોલીસે બાતમીના આધારે પીછો કરી GJ 26 AE 7221 નંબરની કારમાંથી રૂ.2,97,941ની કિંમતનો વિદેશી દારૂ જપ્ત કર્યો હતો. પોલીસે ચહેરાથી ઓળખી કાઢેલા હર્ષદ કનુ ચૌધરી, રાકેશ લાજરસ ગામીત, આશિષ સુરેશ ગામીત અને અશ્વિન નરેશ ચૌધરી સહિત અન્ય એક અજાણ્યા શખ્સને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.

# સોનગઢમાં ટ્રાફિક સમસ્યા



સોનગઢઃ સોનગઢ નગરમાં મુખ્ય બજાર સહિતના વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. રસ્તાઓ પર વાહનોની અવરજવર અને ભીડને કારણે સ્થાનિક વેપારીઓ, રાહદારીઓ તથા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ બનાવવા કરોડો રૂપિયાના બજારમાં હોકર્સ ઝોન બનાવવામાં આવ્યા છે. નગરની સુરક્ષા માટે લગાવવામાં આવેલા CCTV કેમેરા તથા LED ડિસ્પ્લે બંધ હાલતમાં હોવાની ફરિયાદો સામે આવતાં નગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

તહેવારોના દિવસોમાં બજારમાં લોકોની અવરજવર વધતી હોવા છતાં CCTV કેમેરા કાર્યરત ન હોવાની ફરિયાદો ગંભીર ગણાય છે. પ્રજાના ટેક્સનાં નાણાંમાંથી ઊભી કરાયેલી સુવિધાઓનો યોગ્ય ઉપયોગ થાય અને તેની નિયમિત જાળવણી કરવામાં આવે તે જરૂરી છે.

# બારડોલીમાં ડોક્ટર સાથે ૧ લાખની ઠગાઈ

બારડોલીઃ બારડોલીની રાધાબાગ સોસાયટી ખાતે રહેતા અને વ્યવસાયે તબીબ એવા ૫૨ વર્ષીય ડો.સંદીપકુમાર વસંતલાલ શ્રોફે બેંકની એપ્લિકેશન મારફતે 'ક્લુક' નામનું ગિફ્ટ વાઉચર મેળવ્યું હતું. ગત તા.૩ ઓક્ટોબરે તેઓ વાઉચર રિડીમ કરવા જતાં તે અગાઉ વપરાઈ ગયું હોવાનું જણાયું હતું. જેથી તેમણે વાઉચર રિફંડ મેળવવા માટે કસ્ટમર કેર નંબર પર સંપર્ક કર્યો હતો. બાદ અજાણ્યા શખ્સ દ્વારા તેમના મોબાઈલ પર વોટ્સએપ કોલ કરવામાં આવ્યો હતો. વાતચીત દરમિયાન બરાબર અવાજ ન આવવાનું બહાનું બનાવી ઠગે ડોક્ટરના મોબાઈલની સ્ક્રીન શેર કરાવી હતી.

રિફંડની પ્રક્રિયાના બહાને ડોક્ટરને વાતોમાં ભોળવી તેમના એચડીએફસી બેંકના ક્રેડિટ કાર્ડની વિગતો સ્કેન કરાવી લીધી હતી અને ગણતરીની મિનિટોમાં ક્રેડિટ કાર્ડમાંથી ૧,૦૦,૦૦૦નું ટ્રાન્ઝેક્શન કરી લીધું હતું. ટ્રાન્ઝેક્શન થતાં જ બેંક તરફથી કન્ફર્મેશન કોલ આવતાં ડોક્ટરે તાત્કાલિક કાર્ડ બ્લોક કરાવી સાયબર હેલ્પલાઈન નં.૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. સમગ્ર મામલે ડો.સંદીપકુમાર શ્રોફે બારડોલી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી સાયબર ગઠિયાને પકડવા માટે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

# ટેન્ડર પ્રક્રિયા: બારડોલી નગર પાલિકાને કામોના રેકોર્ડ રજૂ કરવા આદેશ

**બારડોલી** નગર પાલિકાના ચીફ ઓફિસરને નોટિસ ફટકારાઈ

**ત્રણ** દિવસમાં તમામ કામોના રેકોર્ડ રજૂ કરવા હુકમ કરાતાં પાલિકા વર્તુળોમાં ફફડાટ

બારડોલીઃ બારડોલી નગરપાલિકામાં સરકારી ટેન્ડર પ્રક્રિયામાં મોટા પાયે કથિત ગેરરીતિ મામલે ફરિયાદો બાદ સુરત ઝોનના પ્રાદેશિક કમિશનર (નગરપાલિકાઓ) દ્વારા બારડોલી નગરપાલિકાના ચીફ ઓફિસરને નોટિસ ફટકારી એજન્સીને અપાયેલાં કામોનો તમામ રેકોર્ડ માત્ર ૩ દિવસમાં રજૂ કરવા આદેશ કરાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ બારડોલી નગરપાલિકામાં હસલત ઈનફ્રાસ્ટ્રક્ચર દ્વારા રજૂ કરવામાં આવેલ ૩(A) સર્ટિફિકેટ, વર્ક ઓર્ડર અને વર્ક કમ્પ્લિશન સર્ટિફિકેટ જેવા અનુભવના દસ્તાવેજો શંકાના ઘેરામાં છે. સરકારી નિયમ મુજબ ટેન્ડર પ્રક્રિયામાં બિડ મૂલ્યાંકન અહેવાલ તૈયાર કરવાનો હોય છે, જેમાં કન્સલ્ટન્ટ દ્વારા દસ્તાવેજોની યોગ્ય ચકાસણી થાય છે. પરંતુ આ પ્રક્રિયામાં મોટી બેદરકારી દાખવી બોગસ દસ્તાવેજોના આધારે કામ આપી દેવાયા હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. આ કથિત કૌભાંડમાં નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ, કારોબારી સભ્ય અને એન્જિનિયરની સીધી મિલીભગત હોવાની પણ પ્રબળ આશંકાઓ સેવાઈ રહી છે. કમિશનરે જાન્યુઆરી-૨૦૨૦થી અત્યાર સુધીમાં આ એજન્સી દ્વારા ભરાયેલાં તમામ ટેન્ડરોની વિગતો, e-Tender ડોક્યુમેન્ટ, ઈજારદારોએ રજૂ કરેલા દસ્તાવેજો અને અનુભવના પ્રમાણપત્રોની ચકાસણીનો રિપોર્ટ માંગ્યો છે. ઉપરાંત એજન્સીને ટેક્નિકલી પાત્ર ઠરાવવાના નિર્ણયની ફાઈલ નોટિંગ, બિડ ઈવેલ્યુએશન રિપોર્ટ અને વર્ક ઓર્ડર સહિતની તમામ વિગતો ૩ દિવસમાં જમા કરાવવા તાકીદ કરી છે. કમિશનરની આ કડક નોટિસને પગલે બારડોલી નગરપાલિકાના વર્તુળોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે



ઈલ્યાસ શેખ

# કડોદરામાં મોટરસાઈકલ અને મોબાઈલ લૂંટનારા બે ઝડપાયા

પલસાણાઃ કડોદરા G.I.D.C.માં મોટરસાઈકલ અને મોબાઈલ ફોનની લૂંટ કરનાર બે આરોપી ઝડપાયા હતા. પલસાણાના કડોદરા G.I.D.C. પોલીસને બાતમી મળી હતી કે, લૂંટનો મુદ્દામાલ વેચવા બે ઈસમ જોળવા ગામ તરફથી કડોદરા ચાર રસ્તા તરફ આવી રહ્યા છે. પોલીસે મોદી હોસ્પિટલ પાસે વોચ ગોઠવી અંકિત રણજીત ચૌધરી (ઉં.વ.૨૪) (રહે.,હાલ કડોદરા પાલિકા નજીક રોડ પર, મૂળ-બિહાર) અને સલીમ મુન્ના અંસારી (ઉં.વ.૨૬) (ધંધો-ફૂલનું વેચાણ) (રહે., હાલ મગનજી પાર્ક, સાજીદભાઈની બિલ્ડિંગ, બીજા માળે, કડોદરા, મૂળ-રાજસ્થાન)ને કોર્ડન કરી ઝડપી લીધા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ૧૧ ઓક્ટોબરના રોજ રાત્રે કડોદરા બસ સ્ટેન્ડ ખાતેથી ચપ્પુ બતાવી મોટરસાઈકલ તથા મોબાઈલ લૂંટ્યો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૫૦,૦૦૦ની મોટરસાઈકલ નં.(KA-51-H-4593), ચપ્પુ, ૬૭૦ રોકડા અને ૧૫,૦૦૦ના બે મોબાઈલ મળી કુલ ૬૫,૬૭૦નો મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# ટ્રકની ટક્કરથી પાર્ક કરેલો ઘાસચારાનો ટેમ્પો બે યુવાનો પર પડ્યો !

**બલેશ્વર** નજીક હાઇવે પર ગંભીર અકસ્માત, બંને યુવાન ઘાયલ

પલસાણાઃ બલેશ્વર ગામની સીમમાં નેશનલ હાઈવે નં.૪૮ પર રાત્રિના સમયે ખેતલાબાપા ટી સ્ટોલ સામે પાર્ક કરેલા એક ટેમ્પોને પાછળથી પૂરપાટ આવતી ટ્રકે ટક્કર મારતાં ટેમ્પો બે યુવાન પર પડ્યો હતો, જેના કારણે બંનેને ગંભીર ઈજા પહોંચી છે.

નવસારીના ઉન ગામમાં રબારીવાસ ખાતે રહેતા દેહુરભાઈ જોગાભાઈ ભરવાડ (ઉં.વ.૨૨) અને તેમના ભત્રીજા કેતનભાઈ ગંધુભાઈ ભરવાડ (ઉં.વ.૨૧) ગત ૧૧ ઓક્ટોબરે રાત્રે ૧:૩૦ વાગ્યાના અરસામાં તેમના ટેમ્પો નં.(GJ-21-W-2711) ઘાસચારો ભરી સુરત ખાલી કરવા જઈ રહ્યા હતા. બલેશ્વરમાં મુંબઈથી અમદાવાદ જતા માર્ગ પર ખેતલાબાપા ટી સ્ટોલ પાસે તેમણે પોતાનો ટેમ્પો પાર્કિંગ લાઈટ ચાલુ રાખી સાઈડમાં ઊભો રાખ્યો હતો. બંને યુવાનો ચા પીને પરત પોતાના ટેમ્પો પાસે આવી રહ્યા હતા, ત્યારે મુંબઈ તરફથી પૂરઝડપે આવતી ટ્રક નં.(GJ-01-JT-2988) અજાણ્યા ચાલકે ટેમ્પોને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરના કારણે ટેમ્પો સીધો જ દેહુરભાઈ અને કેતનભાઈ પર પડ્યો હતો. આ અકસ્માતમાં દેહુરભાઈને બંને પગે અને કમરના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે કેતનભાઈને પણ કમરના ભાગે ગંભીર ઈજા થઈ હતી. અકસ્માતને પગલે સ્થાનિક લોકો ભેગા થઈ ગયા હતા અને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બંનેને પ્રથમ નવસારીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દેહુરભાઈની હાલત વધુ ગંભીર હોવાથી અને ઓપરેશનની જરૂર હોવાથી તેમને સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ સમગ્ર ઘટના અંગે ભોગ બનનાર યુવાનોના સંબંધી વિજયભાઈ દેવાભાઈ ભરવાડે પલસાણા પોલીસ મથકે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.